*કેસ દાખલ કર્યા તારીખ : ૧૧/૨/૨૦૧૬*
*કેસ રજીસ્ટરે લીધા તારીખ : ૧૧/૨/૨૦૧૬*
*કેસ ફેસલ કર્યા તારીખ : ૨૦/૨/૨૦૧૯*
*સમય ગાળો : ૪ વર્ષ ૦ માસ ૧૦ દિવસ*
***આંક – ૩૭***

***સુરતના મહે. ૬ઠ્ઠા એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.સુરત.***

**ફોજદારી કેસ નં. ૩૦૬/૨૦૧૭.**

જે.કે. એન્ટરપ્રાઈઝના ભાગીદારી પેઢીના ભાગીદાર
નવનીતભાઈ એ. જીયાણી, ધંધો – વેપાર,
ઠે. ૧૫૦, લક્ષ્મી નગર સોસાયટી, ધરમનગર રોડ,
એ.કે. રોડ, સુરત. મોબાઈલ નં. ૯૯૭૯૮–૮૬૨૧૮ . . . . . ફરીયાદી.

વિરૂધ્ધ

વેંકટેશ્વર એન્જીનીયરીંગ વર્કસના પ્રોપ્રાઈટર
ઈન્દ્રજીતભાઈ દેશમુખ, ધંધો–વેપાર,
ઠે. નેશનલ હાઈ વે નં. ૪ પાસે, કેન્સર હોસ્પિટલ પાસે,
કોલ્હાપુરા, મહારાષ્ટ્ર. . . . . . . . . . આરોપી.

**ગુન્હો :–** નેગોશ્યેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ–૧૩૮ મુજબ.

---

**ફરીયાદપક્ષે વિ.વકીલ શ્રી એ. કે. પટેલ.**
**આરોપી સામે ક્રિ.પ્રો.કોડ કલમ ૨૯૯ તથા ૩૫૩ (૬) હેઠળ**

---

**–: ઠ રા વ :–**

**(એ) જરૂરી કાયદાકીય અવલોકન :–**

**(એ–૧)** સદર કામે ચુકાદો લખવા તરફ આગળ વધતા પહેલા એ બાબત નોંધવાની અદાલતને ફરજ પડેલ છે કે સદર કેસમાં ફરીયાદ દાખલ કરતા પહેલા આરોપીને કાયદા મુજબની નોટિસ મોકલવાની હોય છે, જે મોકલ્યાનો પુરાવો આ કામે આંક – ૩૨ થી ૩૪ હેઠળ રજુ કરેલ છે, જેમાં આરોપીને ઈન્ટીમેટ કર્યાનો શેરો છે, તેમ છતાં તેણે કવર લેવા આવેલા નથી તેવું ફલીત થાય છે. ત્યાર બાદ કેસ દાખલ થયા બાદ આરોપીને વારંવાર સમન્સ ઈસ્યુ કરવામાં આવેલા, જે પોલીસ મારફત પણ મોકલવા છતાં એક પણ સમન્સ પરત આવેલ નથી. આરોપી ઉપર વારંવાર પ્રોસેસ ઈસ્યુ કરવા છતાં આરોપી અદાલત સમક્ષ હાજર થયેલા નથી કે પોલીસ તેને રજુ કરી શકેલ નથી.

**(એ–ર)** આ અદાલત દ્વારા આરોપી સામે ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ ૮ર મુજબ તેઓને અદાલત રૂબરૂ હાજર થવાનું એક જાહેર ફરમાન બહાર પાડેલ. જે તા.૧૮/૧૧/ર૦૧૮ ના લોક સત્તા વર્તમાનપત્રમાં છપાયેલ છે. તે અદાલતમાં ફરીયાદી તરફથી રજુ કરવામાં આવેલ છે. આરોપીને તેના મોબાઈલ ઉપર પણ વોટસ્એપથી આ જાહેર ફરમાનની જાણ કરતી કોપી પણ ફરીયાદીએ રજુ કરેલ છે. તેમાં સ્પષ્ટ છે કે જો આરોપી હાજર નહી રહે તો કેસની આગળની કાર્યવાહી તેની ગેરહાજરીમાં ચલાવવામાં આવશે તેવી સ્પષ્ટ જાહેરાત છપાયેલ છે. તેમ છતાં હાલના આરોપી અદાલત સમક્ષ હાજર થયેલા નથી.

**(એ–૩)** હવે અદાલત સમક્ષ પ્રશ્ન એ રહેલો કે કેસ સને **ર૦૧૭** નો છે, આરોપીએ પોતે જાહેર કરેલા સરનામે મળી આવતા નથી, પોતાને કેસ ચાલે છે તેની જાણ છે છતાં આજે **બે** વર્ષથી અદાલત સમક્ષ હાજર થતાં નથી, તો તેનો સ્પષ્ટ અર્થ છે કે આરોપીએ કેસની કાર્યવાહીથી છટકવા જાણી જોઈને પોતે પોતાની સામેની કાર્યવાહીથી લપાતા છુપાતા ફરે છે. અવા સમયે શું અદાલત પાસે જયાં સુધી ફરીયાદીનું મરણ ન થાય કે ફરીયાદી પુરાવો આપવા અસમર્થ ન બને કે આરોપીનું મરણ થયાનું અદાલત સમક્ષ ન આવે ત્યાં સુધી કેસને એબેટ કરવા સીવાયનો કોઈ વિકલ્પ નથી ? શું અદાલત સમક્ષ ન્યાય માંગવા આવનાર પક્ષકારને અદાલતે એમ કહેવાનું છે કે ભાઈ અદાલત તને ન્યાય આપી શકવા સક્ષમ નથી કારણ કે અદાલતની કાર્યવાહી આરોપીની મહેરબાની ઉપર આશ્રીત છે, જયાં સુધી આરોપી અદાલતમાં હાજર થઈ કેસ ચલાવવા સહકાર ન આપે ત્યાં સુધી તેણે ગમે તેવો ગુન્હો કરેલ હોય અને તમોને ગમે તેટલું નુકશાન ગયેલ હોય અદાલત નિશઃહાય છે.

વળી જયારે અદાલતે વર્તમાનપત્રમાં જાહેરનામું છપાવેલ છે ત્યારે બીજો પ્રશ્ન એ પણ ઉઠેલ કે જયારે આરોપીને પોતાની સામે ગુન્હા સબબ કોર્ટમાં કામ ચાલુ છે તેવી જાણ હોવા છતાં તેઓ દેશ છોડીને નાશી જાય, દેશમાં જ લપાતા–છુપાતા ફરે, તેવા સંજોગોમાં જયાં સુધી આરોપીની ઈચ્છા અદાલતમાં હાજર થવાની ન થાય ત્યાં સુધી કેસને અંતિમ નિર્ણય સુધી લઈ જવાનો અદાલત પાસે કોઈ રસ્તો જ નથી ? શું અદાલતો આરોપીઓની ઈચ્છા અને મહેરબાનીને આધીન ચાલે છે ? જયાં સુધી આરોપીની ઈચ્છા ન થાય અને તેઓ અદાલતમાં નિયમીત હાજર રહેવાની અદાલત અને ફરીયાદી ઉપર મહેરબાની ન કરે ત્યાં સુધી તેની સામેના કોઈપણ ગુન્હાના કેસને અંતિમતા આપવાની ક્ષમતા કાયદામાં નથી ?

**(એ–૪)** સદર પ્રશ્નોના જવાબો એક સમાન્ય માનવીની દ્રષ્ટિથી પણ વિચારવામાં આવે તો તેનો જવાબ એ હોઈ શકે "કોઈપણ દેશના કાયદા અને અદાલતો એટલા મજબુર ન હોઈ શકે કે જે આરોપી અદાલત સમક્ષ હાજર થાય છે તેને ગુન્હેગાર ઠેરવવા કાર્યવાહી કરવા સક્ષમ હોય અને જે આરોપીઓ અદાલતની પકડમાંથી યેનકેન પ્રકારે વર્ષો સુધી છટકી જાય છે તેઓ અદાલતમાં ચાલતી કાર્યવાહીઓમાંથી છટકી મુકત રીતે પોતાનું જીવન પુરી કરી નાંખે છે અને અદાલતો મજબુર બની હાથ જોડીને બેસી રહે."

**(એ–પ)** સદર પ્રશ્નોના જવાબો કાયદામાં શોધવામાં આવે તો આરોપીની ગેરહાજરીમાં ટ્રાયલ ચલાવવા માટેની જોગવાઈ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ર૯૯ માં આપવામાં આવેલ જ છે. તેવી જ જોગવાઈ ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ ૩પ૩ (૬) માં પણ આપવામાં આવેલ છે કે અદાલત આરોપીની ગેરહાજરીમાં ચુકાદો જાહેર

કરી શકશે. આ સંદર્ભે જ તાજેતરમાં નામદાર ગુજરાત હાઈકોર્ટની ડીવીઝન બેન્ચે Sharad Jethalal Savla vs. State of Gujarat and others in Criminal Miscellaneous Application No.19862 of 2015 decided on 14th November 2016 ના ચુકાદામાં ત્યાં સુધી જાહેર કરેલ કે આરોપી હાજર ન હોવા છતાં અદાલત તેને કેદની સજા પણ ફરમાવી શકે છે.

**(એ–૬)** હવે પ્રશ્ન એ ઉઠે કે આરોપીને તેની સામે મુકવામાં આવેલ તહોમત કે ફરીયાદનો જવાબ આપવાની તક ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ ૨૫૧ અથવા કલમ ૨૪૬ હેઠળ આપવી જોઈએ અને કલમ ૩૧૧ મુજબ આરોપી સામે રેકર્ડ ઉપર આવેલ પુરાવા બાબતે પણ આરોપીનો ખુલાસો નોંધવો જોઈશે. પરંતુ જયારે આરોપી જ અદાલત સમક્ષ હાજર થવા તૈયાર ન હોય તેવા સમયે ગંભીર પ્રકાર આર્થિકના ગુન્હામાં પણ આ જોગવાઈ જે આરોપીને તક આપી તેનો જવાબ લેવાની તેને રક્ષણાત્મ જોગવાઈ તરીકે આપવામાં આવેલ છે તેનો આરોપી હથીયાર તરીકે ઉપયોગ કરી કાયદાકીય પ્રક્રિયાને એક બૂંઠૂં હથીયાર બનાવવા માંગે તો પણ અદાલત આરોપીની રાહ જોઈ કેસને ટ્રાયલ ચલાવ્યા વગર ફેંકી દેવા મજબુર છે ? એક સમાન્ય માનવી તરીકે કે કાયદાના નિશ્ણાંત તરીકે પણ આ પ્રશ્ન વિચારવામાં આવે તો તેમાં કયાંય એવું નથી કે જયારે આરોપી કેસની ટ્રાયલ ચાલુ હોવાની જાણ હોવા છતાં અદાલત સમક્ષ આવવા તૈયાર ન હોય તો આરોપીની દયા ઉપર કેસની ટ્રાયલ મુલત્વી રહે અને અદાલત આરોપીઓની દયા ઉપર પોતાની કાર્યવાહી ચલાવવા મજબુર બને.

**(એ–૭)** જયારે એક વખત આરોપીને પોતાની સામે કેસ ચાલે છે તેની જાણ છે ત્યારે તેની અદાલત સમક્ષ હાજર થવાની ફરજ છે. આવા તબકકે તેઓ અદાલતમાં હાજર થવા જ તૈયાર ન થાય અને પોલીસ મશીનરી તેને શોધી ન શકે તો આવા આરોપીને કાયદાની પકડમાંથી છોડી દઈને કેસમાં આરોપી કે ફરીયાદના મરણના કારણે કેસ એબેટ ન થાય ત્યાં સુધી રાહ જોવાની સ્થિતી કાયદાની અદાલતો અપનાવી ન શકે. આ અદાલત એ બાબત સાથે પણ સહમત નથી કે જે કેસોમાં આરોપીઓ મળી આવતા ન હોય તેવા કેસો બંધ કરીને રેકર્ડ રૂમમાં મુકી દેવા. કારણ તો ભાઈ આરોપી ન આવે ત્યાં સુધી અદાલતો મજબૂર અને નિશઃહાય છે. જો આવી રીતો અપનાવવામાં આવે તો તમામ આરોપી માટે કાયદાની પકડમાંથી આબાદ છટકવાનો આ સરળ રસ્તો બની જશે. તે ઉપરાંત નામદાર ગુજરાત હાઈકોર્ટે પણ પોતાના તાજેતરના સરકયુલર નં.સી/૨૬૧૮/૨૦૧૬ તા.૫/૭/૨૦૧૬ થી આરોપીઓ સામે ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ ૨૯૯ તથા ૩૫૩ (૬) નો આશરો લઈ જુના કેસો પુર્ણ કરવાનો આદેશ આપેલ છે.

**(એ–૮)** તેથી અદાલતે ચોકકસ હુકમ પસાર કરી આરોપીને ફરારી જાહેર કરેલા છે અને નામદાર ગુજરાત હાઈકોર્ટના સરકયુલર નં.સી/૨૬૧૮/૨૦૧૬ તા.૫/૭/૨૦૧૬ થી આરોપી સામે ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ ૨૯૯ મુજબ કેસ આગળ ચલાવવાનો હુકમ કરેલ છે.

**(એ–૯)** વળી આ બાબતને નામદાર ગુજરાત હાઈકોર્ટની ડીવીઝન બેન્ચના Sharad Jethalal Savla vs. State of Gujarat and others in Criminal Miscellaneous Application No.19862 of 2015 decided on 14th November 2016 ના ચુકાદાથી પણ સમર્થન મળે છે.

**(એ–૧૦)** એક પ્રશ્ન એ ઉઠે કે ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ ૨૯૯ માં તો આરોપીની ગેરહાજરીમાં પુરાવો નોંધી તેને સાચવી રાખવો જોઈએ. પરંતુ વર્તમાન સમયમાં કાયદાની અદાલતનોમાં પેંડીંગ કેસોનો જે હાલ થયેલ છે તે ધ્યાને લેતા આરોપીઓ કાયદાની છટકબારીઓનો આબાદ ઉપયોગ કરતા થયા છે અને આ જ રીતે વર્ષોથી ન્યાય માટે રઝળતા ફરીયાદી ભોગબનાનારાનો કાયદાની સંસ્થા ઉપરનો વિશ્વાસ નહીવત થતો જાય છે. આ અદાલત કાયદાની કલમ ૨૯૯ ની મર્યાદાથી વાકેફ છે, પરંતુ કલમ ૨૯૯ સાથે કલમ ૩૫૩ (૬) તથા તેને અનુસધાંનેના નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદાઓ અને નામદાર ગુજરાત હાઈકોર્ટનો સરકયુલર નં.સી/૨૬૧૮/૨૦૧૬ તા.૫/૭/૨૦૧૬ વંચાણે લઈ એક સાથે તેનું અર્થઘટન કરવામાં આવે તો આ અદાલત એ નિષ્કર્ષ ઉપર આવેલ છે કે કલમ ૨૯૯ હેઠળ નોંધેલ પુરાવા કે આરોપીની હાજરીમાં પુરાવા નોંધેલ હોય અને તેઓ કલમ ૩૧૩ ના નિવેદનના તબકકેથી નાશી જાય કે કલમ ૨૫૧ હેઠળના જવાબો આપવા આવવા પણ દરકાર ન કરે તો અદાલત હાથ બાંધીને બેસી રહે તેવી સ્થિતી અને તે પણ ખાસ કરીને નેગોશીએબઈલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ તળેના કેસો કે જે દેશની અર્થતંત્રની જીવાદોરી સમાન નાણાંકીય વ્યવસ્થા અને સંચાલનને અસરકાર્તા છે તેવા કેસોમાં આ પધ્ધતી પરવડી શકે તેમ નથી. સદર પ્રકારની સ્થિતી દેશના વિકાસમાં બાધા રૂપ છે. તેથી આ અદાલત એ બાબત જાણવા છતાં તમામ જોવાઈઓના સાર રૂપે સામાજિક અને દેશના આર્થિક વિકાસમાં અડચણ રૂપ આવા કેસોમાં એક નવતર અભિગમ અપનાવવા જઈ રહેલ છે.

**(એ–૧૧)** હાલના તબકકે એક પ્રશ્ન એ પણ ઉઠે કે આ નવતર અભિગમને કોઈ પણ રીતે કાયદાકીય સમર્થન છે ? તેનો જવાબ આપણે નામદાર સર્વોચ્ચ અદાલતનો નીચેનો ચુકાદો વાંચવાથી મળે છે.

In The Supreme Court Of India In Civil Original Jurisdiction Writ Petition (CIVIL) No.18 Of 2013 in Indian Bank Association and others … Versus Union of India and others decided on Dt.21-4-2014 reported in AIR 2014 SC 2528

21. Many of the directions given by the various High Courts, in our view, are worthy of emulation by the Criminal Courts all over the country dealing with cases under Section 138 of the Negotiable Instruments Act, for which the following directions are being given :-

DIRECTIONS:

(1) Metropolitan Magistrate/Judicial Magistrate (MM/JM), on the day when the complaint under Section 138 of the Act is presented, shall scrutinize the complaint and, if the complaint is accompanied by the affidavit, and the affidavit and the documents, if any, are found to be in order, take cognizance

and direct issuance of summons. ફરીયાદીના સોગંદનામા અને દસ્તાવેજોના આધારે ફરીયાદનું ડાયરેકટ કોગ્નીઝન્સ લેવાનું છે.

(2) MM/JM should adopt a pragmatic and realistic approach while issuing summons. Summons must be properly addressed and sent by post as well as by e-mail address got from the complainant. Court, in appropriate cases, may take the assistance of the police or the nearby Court to serve notice to the accused. For notice of appearance, a short date be fixed. If the summons is received back un-served, immediate follow up action be taken. સમન્સ ઈસ્યુ કરતી વખતે અદાલતે વ્યવહારીક અને વાસ્તવીક અભિગમ અપનાવવો જોઈશે. તથા સમન્સ કેવી રીતે બજાવવાનો છે તેની જોગવાઈ છે.

(3) Court may indicate in the summon that if the accused makes an application for compounding of offences at the first hearing of the case and, if such an application is made, Court may pass appropriate orders at the earliest. સમન્સ બજયા સાથે આરોપીએ અદાલતમાં હાજર થઈ પોતે સમાધાન કરવા માંગતા હોય તો અરજી રજુ કરવાની છે.

(4) Court should direct the accused, when he appears to furnish a bail bond, to ensure his appearance during trial and ask him to take notice under Section 251Cr.P.C. to enable him to enter his plea of defence and fix the case for defence evidence, unless an application is made by the accused under Section 145(2) for re-calling a witness for cross-examination. જો આરોપી સમાધાન કરવા માંગતો ન હોય તો આરોપીને જામીન અને મુચરકા રજુ કરવાનો હુકમ કરવાનો છે. અને તેની કલમ ૨૫૧ મુજબ પ્લી નોંધી તેઓ પોતાનો બચાવ કરવા માંગતા હોય તો કેસ બચાવનો પુરાવો રજુ કરવા માટે મુકવાનો છે. જો આરોપી ફરીયાદી કે તેના સાહેદો જેની સોગંદનામાથી જુબાની નોંધાયેલ હોય તેની ઉલટ તપાસ કરવા માંગતા હોય તેની ચોકકસ અરજી આપે તો જ સાહેદોને અદાલતે ઉલટ તપાસ માટે બોલાવવાના છે. તે સીવાય નહી જ.

(5) The Court concerned must ensure that examination-in-chief, cross-examination and reexamination of the complainant must be conducted within three months of assigning the case. The Court has option of accepting affidavits of the witnesses, instead of examining them in Court. Witnesses to the complaint and accused must be available for cross-examination as and when there is direction to this effect by the Court. આવી ઉલટ તપાસ ત્રણ માસમાં પુર્ણ થઈ જવી

જોઈએ.

22. We, therefore, direct all the Criminal Courts in the country dealing with Section 138 cases to follow the above-mentioned procedures for speedy and expeditious disposal of cases falling under Section 138 of the Negotiable Instruments Act. નીચેની તમામ અદાલતોને ઉપરોકત ડાયરેકશનનું પાલન કરી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ તળેના કેસો વહેલી તકે પુર્ણ કરવા હુકમ કરેલ છે.

**(એ–૧૨)** ત્યાર બાદ તાજેતરમાં નામદાર સર્વોચ્ચ અદાલતે પોતાના M/sMeters and Instruments Pvt. Ltd. v. Kanchan Mehta (AIR 2017 SC 4594) ના ચુકાદામાં પેરા ૧૯ અને ૨૦ આપેલ ડાયરેકશન અનુસંધાને ચર્ચા કરવામાં આવે તો નામદાર સર્વોચ્ચ અદાલતે ત્યાં સુધી ડાયરેકશન આપેલ કે જો આરોપીને સમન્સ બજે અને તેઓ રકમ ચુકવી આપવા માંગતા હોય તો તેઓએ અદાલત સુધી આવવાની પણ જરૂરીયાત નથી અને તેઓ ફરીયાદીના ખાતામાં સીધી રકમ જમા કરાવી શકે અને તેની જાણ અદાલતને ઈમેઈલથી કરવામાં આવે તો અદાલતે આરોપી સામેનો કેસ માંડવાણ કરવો જોઈશે. આ ચુકાદા અનુસધાંને નામદાર ગુજરાત હાઈકોર્ટના Sachin Singh Rakesh Singh Chauhan v. Tribhuvanbhai Bhailal Vasava Dtd. 19-2-2018 ના ચુકાદામાં તો ત્યાં સુધી માર્ગદર્શન આપવામાં આવેલ છે કે મુજબ જો ફરીયાદી રકમ સ્વીકારવા તૈયાર ન હોય તો આરોપી ચેકની રકમ અને અદાલત તેના ઉપર કોઈ વળતર અપવવા જરૂરી સમજે તે રકમ આરોપી અદાલતમાં જમા કરાવી શકે અને તો પણ ફરીયાદી કેસ આગળ ચલાવવાનો આગ્રહ રાખે તો આરોપીને કેસમાંથી ડીસ્ચાર્જ કરી શકાય. નામદાર સર્વોચ્ચ અદાલત તથા નામદાર ગુજરાત હાઈકોર્ટ એમ બંને અદાલતોના ચુકાદાઓ ધ્યાને લેવામાં આવે તો સ્પષ્ટ છે કે નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટનો હેતુ પ્યુનીટીવ હોવાના બદલે કમ્પનશેટરી છે તેવું બંને અદાલતોનું સ્પષ્ટ તારણ છે.

નામદાર સર્વોચ્ચ અદાલતે પોતાના તાજેતરના પોતાના Special Leave to Appeal (Crimina) No.8935/2018 Dtd.20-1-2019 in case of Rajesh Ponnada V/s. Satyanarayana Srirangam ના કેસમાં તો ત્યાં સુધી જાહેર કરેલ છે કે નેગોશીએબલ ઈન્સ્ટ્રમેન્ટ એકટ તળેના કેસમાં ચુકાદા વખતે આરોપી હાજર રહેલા ન હોય તો તેને કેસના કોઈ પણ દસ્તાવેજો કે ચુકાદાની ખરી નકલ મળવા પણ અધીકાર રહેતો નથી.

તેથી તમામ કાયદાકીય જોગવાઈઓ અને કાયદાકીય સિધ્ધાંતો ધ્યાને લેતા હાલના કેસમાં આરોપી ભલે પોતાની સામેની થયેલ ફરીયાદ કે તહોમતનો ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ ૨૫૧ અથવા ૨૪૬ મુજબના જવાબો આપવા કે કલમ ૩૧૩ મુજબના જવાબો નોંધાવા હાજર થયેલા ન હોય તેમ છતાં તેની સામે ચુકાદો જાહેર કરવો વ્યાજબી જણાય છે.

**Part - 1 Brief Facts and procedure followed :-**

**(૧)** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ફરીયાદી જે. કે. એન્ટરપ્રાઈઝ પેઢીના નામથી ધંધો કરે છે અને આરોપી વેંકટેશ્વર એન્જીનીયરીંગ વર્કસના પ્રોપ્રાઈટર તરીકે કામકાજ કરે છે, આરોપીએ સ્ટાન્ડર્ડ રીજીડ પી.વી.સી. પાઈપ, ધંધાનો માલ ફરીયાદી પાસેથી તા.૨૭/૨/૧૬ થી તા.૭૪/૧૬ દરમ્યાન ગ અલગ બીલથી કુલ રૂા.૮,૫૫,૪૫૫/– નો માલ ખરીદ કરેલો, જેમાંથી આરોપીએ રૂા.૬,૨૨,૯૫૪.૧૯ પૈસા ચુકવેલ, અને બાકી રહેલ રૂા.૨,૩૨,૫૦૦.૮૧ પૈસા આરોપી પાસે ફરીયાદીએ લેવાના હતા. સદરહું રકમની ફરીયાદીએ આરોપી પાસે ઉઘરાણી કરતા ફરીયાદીને આરોપીએ મારૂતી કુરીયરથી આરોપીની બેંક આઈ.સી.આઈ.સી.આઈ. બેંક, મંગલવાર પેંઠ, કોલ્હાપુરા શાખાનો ચેક નં. ૦૪૩૨૮૪, તા.૧૯/૮/૧૬ ના રોજનો રૂા.૨,૩૨,૪૫૩/– નો આપેલ, જે ચેકની તારીખથી ગમે ત્યારે વસુલાત કરવાની સુચના સાથે આરોપીએ મોકલી આપેલ, સદરહું ચેક ફરીયાદીએ તેમની આઈ.સી.આઈ.સી.આઈ. બેંક, લંબે હનુમાન રોડ શાખા, સુરત ખાતે વસુલાત માટે રજુ કરતા તે જ દિવસે યાને કે તા.૧૯/૮/૧૬ ના અરસામાં "રીફર ટુ ડ્રોઅર" ના શેરા સાથે પરત ફરેલ, જેની જાણ આરોપીને કરતા સદર ચેક ફરીવાર બેંકમાં રજુ કરવા જણાવતા ફરીયાદીએ સદરહું ચેક તા.૩૧/૮/૧૬ ના અરસામાં બેંકમાં વસુલાત માટે રજુ કરતા ફરીયાવાર "રીફર ટુ ડ્રોઅર" ના શેરા સાથે પરત આવેલ, ત્યારબાદ તેની જાણ ફરીયાદીએ આરોપીને કરતા આરોપીએ ફરી ત્રીજી વાર બેંકમાં ભરવા જણાવતા ફરીયાદીએ સદરહું ચેક ત્રીજીવાર તેમની બેંકમાં વસુલાત માટે રજુ કરતા તે ચેક તા.૭/૯/૧૬ ના રોજ "રીફર ટુ ડ્રોઅર" ના શેરા સાથે પરત આવેલો, જેથી જાણ આરોપીને કરતા આરોપીએ હાલ નાણાંની સગવડ થશે નહી તેવો ઉડાઉ જવાબ આપેલો, ત્યારબાદ ફરીયાદીએ તેમના વકીલશ્રી મારફત તમો આરોપીને તા.૨૮/૦૯/૨૦૧૬ ના રોજ ડીમાંડ નોટીસ આર.પી.એ.ડી.થી મોકલી આપેલ, જે નોટીસ આરોપીને મળવા છતાં આરોપીએ "ઈનકમ્પલીટ એડ્રેસ" ના શેરા સાથે સદર નોટીસ પરત કરાવેલ, અને આરોપીએ ફરીયાદીનો સંપર્ક કરી આરોપીએ ફરી ચોથી વાર બેંકમાં સદરહું ચેક ભરવા જણાવતા ફરીયાદીએ સદરહું ચેક ચોથીવાર તેમની બેંકમાં વસુલાત માટે રજુ કરતા તે ચેક તા.૧૮/૧૦/૧૬ ના રોજ "રીફર ટુ ડ્રોઅર" ના શેરા સાથે પરત આવેલો, ત્યારબાદ ફરીયાદીએ તેમના વકીલશ્રી મારફત તમો આરોપીને તા.૨૨/૧૦/૨૦૧૬ ના રોજ ડીમાંડ નોટીસ ધંધાના સરનામે આર.પી.એ.ડી.થી મોકલી આપેલ, જે નોટીસ "નોટ કલેમ્ડ" ના શેરા સાથે સદર નોટીસ પરત આવેલ, અને કુરીયરથી મોકલેલ નોટીસ "પાર્ટી નોટ એસપ્ટેડ" ના શેરાની અને "ઈનકમ્પ્લીટ એડ્રેસ" ના શેરાથી પરત આવેલ, આમ, આરોપીએ પાઠવેલ નોટીસમાં જણાવ્યા મુજબની રકમ સમય મર્યાદામાં ફરીયાદીને નહી આપતાં ફરીયાદીએ હાલની ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ– ૧૩૮ મુજબનો ગુનો અત્રેની અદાલતની હકુમતમાં કરેલાની ફરીયાદ કરેલ છે.

**(૨)** આરોપી વિરૂધ્ધ ક્રિ.પ્રો. કોડની કલમ–૨૦૪ મુજબ પ્રોસેસ કાઢતા આરોપીને બજેલા નથી. આરોપી ઉપર ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ – ૮૨ મુજબ તેઓને અદાલત રૂબરૂ હાજર થવાનું એક જાહેર

ફરમાન બહાર પાડેલ. જે તા.૧૮/૧૧/૨૦૧૮ ના લોક સત્તા વર્તમાનપત્રમાં છપાયેલ છે. તે અદાલતમાં ફરીયાદી તરફથી રજુ કરવામાં આવેલ છે. આરોપીને તેના મોબાઈલ ઉપર પણ વોટસ્એપથી આ જાહેર ફરમાનની જાણ કરતી કોપી પણ ફરીયાદીએ રજુ કરેલ છે. તેમાં સ્પષ્ટ છે કે જો આરોપી હાજર નહી રહે તો કેસની આગળની કાર્યવાહી તેની ગેરહાજરીમાં ચલાવવામાં આવશે તેવી સ્પષ્ટ જાહેરાત છપાયેલ છે. તેમ છતાં હાલના આરોપી અદાલત સમક્ષ હાજર થયેલા નથી. તેઓને ફરારી ઘોષીત કરવામાં આવેલા છે. તેની સામે ફરીયાદીએ પોતાનો કેસ પુરવાર કરવા નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૪૫ મુજબ નીચે મુજબનો પુરાવો રજુ કરેલ છે.

**(૩–અ)** ફરીયાદપક્ષે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**(અ)** **મૌખિક પુરાવાઓમાં :–**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૪ | ફરીયાદીની સોગંદનામા ઉપર જુબાની. |

**(૩–બ)** **દસ્તાવેજી પુરાવો :–**

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| ૧ | ૧૪ | કમ્પ્યુટેશન ઓફ ટોટલ ઈન્કમ. |
| ૨ | ૧૫ | વેપાર ખાતુ, નફા નુકશાન ખાતુ, મુડી ખાતુ. |
| ૩ | ૧૬ | બેલેન્સ શીટ. |
| ૪ | ૧૭ | ઈન્કમટેક્ષ ભર્યાનું એકનોલેજમેન્ટ. |
| ૫ | ૧૮ થી ૨૦ | અસલ બીલો. |
| ૬ | ૨૧ થી ૨૪ | અસલ ચેક તથા મેમા. |
| ૭ | ૨૫ | નોટીસની ઓફીસ કોપી. |
| ૮ | ૨૬ | આર.પી.એ.ડી.ની સ્લીપ |
| ૯ | ૨૭ | પરત આવેલ નોટીસ કવર. |
| ૧૦ | ૨૮ | ચેક રીટર્ન મેમો. |
| ૧૧ | ૨૯ તથા ૩૦ | રજી. એ.ડી. તથા કુરીયરની સ્લીપ. |
| ૧૨ | ૩૧ | કુરીયરની અસલ પાવતી. |
| ૧૩ | ૩૨ તથા ૩૪ | નોટીસનું પરત આવેલ કવર. |

**(૪)** **બચાવપક્ષનો પુરાવો :–**

આરોપીને ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ – ૮૨ મુજબ અદાલત સમક્ષ હાજર થવાનું જાહેર ફરમાન તા.૧૮/૧૧/૨૦૧૮ ના લોક સત્તા વર્તમાનપત્રમાં છપાયેલ છે. તેમ છતાં આરોપી અદાલત સમક્ષ હાજર થયેલા નથી. તેઓને ફરારી ઘોષીત કરવામાં આવેલા છે. તેથી આરોપી પક્ષે પોતાના બચાવમાં કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી.

**(૫) કલમ ૩૧૩ અન્વયે વિશેષ નિવેદન :–**

નથી. આરોપીને ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ – ૮૨ મુજબ અદાલત સમક્ષ હાજર થવાનું જાહેર ફરમાન તા.૧૮/૧૧/૨૦૧૮ ના લોક સત્તા વર્તમાનપત્રમાં છપાયેલ છે. તેમ છતાં આરોપી અદાલત સમક્ષ હાજર થયેલા નથી. તેઓને ફરારી ઘોષીત કરવામાં આવેલા છે. તેથી આરોપીનું ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ ૩૧ ૩ મુજબનું નિવેદન નોંધી શકાયેલ નથી.

## Part - 2 Arguments :-

**(૬) દલીલ :–**

સામાન્ય રીતે કોઈપણ કેસમાં પ્રથમ ફરીયાદપક્ષની દલીલો સાંભળવામાં આવે છે, ત્યાર બાદ બચાવપક્ષે એટલે કે આરોપીપક્ષની દલીલો સાંભળવામાં આવે છે. પરંતુ જયારે કેસ કોઈ ખાસ પ્રકારના કાયદાનો હોય અને તેમાં કેટલાક પ્રિઝયુમ્પશનો આપેલા હોય અને તે રીબર્ટ કરવાનું બર્ડન આરોપીપક્ષ ઉપર હોય ત્યારે મારૂં એવું માનવું છે કે આવા કાયદામાં પ્રથમ આરોપીએ એ બતાવવાની ફરજ છે કે તેણે રજુ કરેલા પુરાવા કે ફરીયાદપક્ષના સાહેદોની ઉલટ તપાસથી તેણે કાયદાથી તેના ઉપર નાંખવામાં આવેલ બર્ડન રીબર્ટ કરેલ છે અને પછી ફરીયાદપક્ષે બતાવવું જોઈએ કે તેઓનો આવો અને આટલો પુરાવો છે જેથી આરોપી ઉપરનું બર્ડન રીબર્ટ થયેલ નથી અને તેના આધારે કેસનો નિર્ણય થવો જોઈએ. નામદાર સર્વોચ્ચ અદાલતે પણ પોતાના In The Supreme Court Of India In Civil Original Jurisdiction Writ Petition (CIVIL) No.18 Of 2013 in Indian Bank Association and others … Versus Union of India and others decided on Dt.21-4-2014 reported in AIR 2014 SC 2528 ના ચુકાદાના પેરા ૨૧ ના સબ પેરા (૪) માં આરોપી અદાલતમાં હાજર થાય તો તુરંત બચાવનો પુરાવો લેવો જોઈશે અને જો આરોપી માંગણી કરે કે તેને ફરીયાદી કે તેના કોઈ સાક્ષી કે જેની સોગંદ ઉપરની જુબાની રેકર્ડમાં છે તેની ઉલટ તપાસ કરવી છે અને તેવી અરજી આપે તો જ તેવા ફરીયાદી કે સાહેદને ઉલટ તપાસ માટે બોલાવવા જોઈશે તેવું સ પષ્ટ ડાયરેકશન આપેલ હોય તેથી તેનો અર્થ સ્પષ્ટ છે કે ફરીયાદીની તરફેણમાં રહેલા પ્રિઝયુમ્પશન આરોપીપક્ષે રીબર્ટ કર્યા તે પ્રથમ બતાવવાનું છે પછી ઓનસ ફરીયાદીપક્ષ ઉપર સીફટ થાય છે. તેથી હાલના કેસમાં પણ એ પ્રમાણે પધ્ધતી અપનાવવાની જરૂરીયાત જણાયેલ, પરંતુ હાલના કેસમાં આરોપીપક્ષ હાજર ન હોય તેથી ફરીયાદી દ્વારા કરવામાં આવેલ મૌખિક દલીલ ધ્યાને લઈ ફરીયાદીપક્ષે કાયદાની તમામ જોગવાઈઓનું પાલન થયા બાબતે પોતાના પુરાવાની વિસ્તૃત ચર્ચા કરી કાયદાનો અને ચુકાદાઓનો આધાર દર્શાવેલ છે.

## Part - 3 Points and decisions thereof :-

**(૭)** ફરીયાદ પક્ષના કેસની હકીકત અને રેકર્ડ ઉપરનો પુરાવો ધ્યાને લેતા આ કામનો ન્યાયીક અંત આણવા સારૂ નીચે મુજબના મુદ્દા ઉપસ્થીત થાય છે.

–:: મુદ્દા ::–

(૧) શું કોર્ટ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ મુજબ ચેકના ધારકની તરફેણમાં અનુમાન કરી શકે છે ?

(૨) શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે પૂરવાર કરે છે કે, ચેકના ધારકે નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ (એ) મુજબ ચેક લખ્યા તારીખથી નિયત સમયમાં ચેક બેન્કમાં રજુ કરવો તથા કલમ–૧૩૮ (બી) મુજબ ચેક રીટર્ન થયાના ત્રીસ દિવસમાં ચેકના ધારણ કરનારે લેખીત નોટિસ આપી રકમની માંગણી કર્યાની તથા કલમ–૧૩૮ (સી) મુજબ ચેક લખનાર નોટિસ મળ યાના પંદર દિવસમાં નોટિસમાં માંગ્યા મુજબની રકમ ચુકવવામાં નિષ્ફળ ગયાની જોગવાઈઓનું પાલન કરેલ છે ?

(૩) શું હાલની ફરીયાદ દાખલ કરવા ફરીયાદીને હકક છે ?

(૪) શું હાલની ફરીયાદ સમય મર્યાદામાં દાખલ થયેલ છે ?

(૫) શું હુકમ ?

**(૮)** ઉપરોકત મુદ્દાના કારણો નીચે મુજબ છે.

(૧) હકારાત્મક

(૨) હકારાત્મક

(૩) હકારાત્મક

(૪) હકારાત્મક

(૫) આખરી હુકમ મુજબ.

## Part - 4 Determination of Trial :-

**(૯)** હાલનો કેસ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ ૧૩૮ અન્વયેના ગુન્હા અંગેનો છે. જયારે કાયદાથી આ પ્રકારના કેસો સમરી પ્રોસીઝરથી ચલાવવા જોઈએ તેમ જણાવેલ છે અને જો ન્યાયધીશને એમ લાગે કે સમરી પ્રોસીઝરથી ચલાવવા યોગ્ય નથી તો બંને પક્ષોને સાંભળી ખાસ હુકમ કરીને સમન્સ ટ્રાયલથી ચલાવવાનો નિર્ણય લઈ શકાય. પરંતુ આ કેસમાં આરોપીને કેસના તમામ કાગળોની નકલો મળ્યા બાદ તેઓ ફરીથી અદાલત સમક્ષ હાજર થયેલા ન હોય, ભવિષ્યમાં ડીનોવો ટ્રાયલનો પ્રશ્ન ન રહે તેથી હાલના કેસમાં કેસ સમન્સ ટ્રાયલથી જ ચલાવવામાં આવેલ છે, પરંતુ તેનો હુકમ આંક – ૧ હેઠળ કરેલ નથી. તેથી ચુકાદામાં તેની નોંધ કરવામાં આવે છે.

## Part - 5 Basic Principle of Criminal Trial :-

**(૧૦)** હાથ ઉપરનો કેસ નેગોશેએબલ ઈન્સ્ટુમેન્ટ એકટન હેઠળનો છે, ફરીયાદપક્ષે સૌપ્રથમ અને મહત્વની રજુઆત એ કાયદામાં ફરીયાદીની તરફેણમાં આપવામાં આવેલા અનુમાનો બાબતની છે. તેઓની

રજુઆત છે કે જયારે ફરીયાદીની તરફેણમાં કાયદાકીય અનુમાનો હોય ત્યારે તેને રીબર્ટ કરવાનો બોજો આરોપી ઉપર જાય છે અને આરોપીએ પોતાની નિર્દોષતા સાબીત કરવાની છે. આ બાબતે નામદાર સર્વોચ્ચ અદાલતનો Indian Bank Association Versus Union of India decided on Dt.21-4-2014 reported in AIR 2014 SC 2528 નો ચુકાદો વંચાણે લેવામાં આવે તો તેમાં સ્પષ્ટ સિધ્ધાંત પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે જયારે નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ તળેની ફરીયાદ દાખલ થાય ત્યારે ફરીયાદીની અને તેના સાહેદોની જુબાની સોગંદનામા ઉપર રજુ થાય અને અને પરત ફરેલા ચેક અને બેન્કના પુરાવા રજુ થાય ત્યારે ફરીયાદીનો કેસ પ્રસ્થાપિત થયેલો ગણવો જોઈશે અને તેને નેગોશેએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૯ ના અનુમાનો લાગુ પાડવામાં આવશે. નામદાર સર્વોચ્ચ અદાલતના A. Shanmugam vs. Ariya Kshatriya Rajakula Vamsathu Madalaya Nanheld dhavana Paripalanai Sangam rep. by its President, reported in (2012) 6 SCC 430 ના ચુકાદામાં એવો સિધ્ધાંત પ્રસથાપિત કરવામાં આવેલ છે કે "the entire journey of a judge is to discern the truth from the pleadings, documents and arguments of the parties. Truth is the basis of justice delivery system. This Court in Dalip Singh v. State of U.P. and Others (2010) 2 SCC 114 observed that truth constitutes an integral part of the justice delivery system which was in vogue in pre-independence era and the people used to feel proud to tell truth in the courts irrespective of the consequences. However, post-independence period has seen drastic changes in our value system." તેથી અદાલતની એ ફરજ છે કે કેસમાં સત્ય શોધ કરવાની તરફથી સફર ક્રિમીનલ જયુરીસપ્રુડન્સના સિધ્ધાંતને નજર સમક્ષ રાખીને સત્ય શોધની સફર આગળ વધારવી યોગ્ય જણાય છે.

દાખલ કરવામાં આવેલ ફરીયાદ એ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ તળે દાખલ કરવામાં આવેલ ફોજદારી ફરીયાદ છે. ભારતીય ન્યાયતંત્ર દ્વવારા અપનાવવામાં આવેલ ફોજદારી ન્યાયશાસ્ત્રનો મુખ્ય અને પ્રથમ સિધ્ધાંત છે કે આરોપીનો ગુન્હો જયાં સુધી સાબીત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તેવું અનુમાન લાગું પડે છે અને ત્યાં સુધી આરોપીને નિર્દોષ માનવો જોઈશે. આ જ સિધ્ધાંત આધારે ફોજદારી ગુન્હાની ટ્રાયલ શરૂ થાય છે અને ફરીયાદીએ પોતે પુરાવા રજુ કરીને આરોપી ગુન્હેગાર છે તે સાબીત કરવાની સફર શરૂ થાય છે. ફરીયાદપક્ષ ઉપર આરોપીનો ગુન્હો વ્યાજબી શંકાથી પર સાબીત કરવાનો સંપૂર્ણ બોજો રહેલ છે. આ ફોજદારી ન્યાયશાસ્ત્રનો મુખ્ય સિધ્ધાંત છે અને આરોપીને ભારતીય બંધારણથી પણ આ બાબતે રક્ષણ આપવામાં આવેલ છે. તેને કોઈ રીતે રદ કરી શકાય નહી. તેથી હાલના કેસમાં નામદાર સર્વોચ્ચ અદાલતે નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ તળેના પ્રસ્થાપિત કરેલા સિધ્ધાંતો તથા આરોપીના બંધારણીય અધીકારનો સમન્વય કરી કેસની ચર્ચા આગળ ચલાવવામાં આવશે.

## <u>Part - 6 The presumption in favour of complaint and principle of rebuttal burden on accused :-</u>

**(૧૧)** ફરીયાદ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ તળેની હોય, તેથી કાયદામાં જે અનુમાનો આપવામાં આવેલ છે તેનો ઉલ્લેખ સૌપ્રથમ કરવો જરૂરી જણાય છે.

**(11-A)** **<u>Section 118 - Presumptions as to negotiable instruments of consideration</u> -** Until the contrary is proved, the following presumptions shall be made: -

(a) Of consideration: that every negotiable instrument was made or drawn for consideration, and that every such instrument, when it has bee accepted, endorsed, negotiated or transferred, was accepted, endorsed, negotiated or transferred for consideration.

(b) As to date that every negotiable instrument bearing a date was made or drawn on such date;

(c) As to time of acceptance-that every accepted bill of exchange was accepted within a reasonable time after its date and before its maturity;

(d) As to time of transfer-that every transfer of a negotiable instrument was made before it s maturity;

(e) As to order of endorsements-that the endorsements appearing upon a negotiable instrument were made in the order in which they appear thereon;

(f) As to stamps-that a lost promissory note, bill of exchange or cheque was duly stamped;

(g) That holder is a holder in due course-that the holder of a negotiable instrument is a holder in due course;

provided that, where the instrument has been contained from its lawful owner, or form any person in lawful custody thereof, by means of an offence or fraud, or has been obtained from the maker or acceptor thereof by means of an offence or fraud, or for unlawful consideration, the burden of proving the holder

is a holder in due course lies upon him.

**(11-B)** **Section 119 - Presumption on proof of protest -** In a suit upon an instrument, which has been dishonoured, the court shall, on proof of the protest, presume the fact of dishonour, unless and until such fact is disproved.

**(11-C)** **Section 138- Dishonour of cheque for insufficiency, etc., of funds in the accounts -** Where any cheque drawn by a person on an account maintained by him with a banker for payment of any amount of money to another person from out of that account for the discharge, in whole or in part, of any debt or other liability, is returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of that account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with that bank, such person shall be deemed to have committed an offence and shall without prejudice to any other provisions of this Act, be punished with imprisonment for ["a term which may extend to two year"], or with fine which may extend to twice the amount of the cheque, or with both:

PROVIDED that nothing contained in this section shall apply unless-

(a) The cheque has been presented to the bank within a period of six months from the date on which it is drawn or within the period of its validity, whichever is earlier.

(b) The payee or the holder induce course of the cheque, as the case may be, makes a demand for the payment of the said amount of money by giving a notice, in writing, to the drawer, of the cheque, ["within thirty days"] of the receipt of information by him from the bank regarding the return of the cheques as unpaid, and

(c) The drawer of such cheque fails to make the payment of the said amount of money to the payee or, as the case may be, to the holder in due course of the cheque, within fifteen days of the receipt of the said notice.

Explanation: For the purpose of this section, “debt or other liability” means a legally enforceable debt or other liability.

**(11-D)** **Section 139. Presumption in favour of holder -** It shall be presumed, unless the Contrary is proved, that the holder of a cheque received the cheque of the nature referred to in section 138 for the discharge, in whole or in part, or any debt or other liability.

**(11-E)** **Section 146. Bank's slip prima facie evidence of certain facts. -** The Court shall, in respect of every proceeding under this Chapter, on production of bank's slip or memo having thereon the official mark denoting that the cheque has been dishonoured, presume the fact of dishonour of such cheque, unless and until such fact is disproved.]

**(11-F)** GFDNFZ ;JM"rR VNF,T[ 5MTFGF Hiten P.Dalal vs. Bratindranath Banerjee **reported in (2001) 6 SCC 16** R]SFNFDF\ S,D !#) GM C[T] wIFG[ ,.G[ H6FJ[, K[ S[ "22. Because both Sections 138 and 139 require that the court "shall presume" the liability of the drawer of the cheques for the amounts for which the cheques are drawn, as noted in State of Madras vs. A. Vaidyanatha Iyer, it is obligatory on the Court to raise this presumption in every case where the factual basis for the raising of the presumption had been established. "It introduces an exception to the general rule as to the burden of proof in criminal cases and shifts the onus on to the accused" Such a presumption is a presumption of law, as distinguished from a presumption of fact which describes provisions by which the court "may presume" a certain state of affairs. Presumptions are rules of evidence and do not conflict with the presumption of innocence, because by the latter all that is meant is that the prosecution is obliged to prove the case against the accused beyond reasonable doubt. The obligation on the prosecution may be discharged with the help of presumptions of law or fact unless the accused adduces evidence showing the reasonable possibility of the non-existence of the presumed fact. 23. In other

words, provided the facts required to form the basis of a presumption of law exists, no discretion is left with the court but to draw the statutory conclusion, but this does not preclude the person against whom the presumption is drawn from rebutting it and proving the contrary. A fact is said to be proved when, "after considering the matters before it, the court either believes it to exist, or considers its existence so probable that a prudent man ought, under the circumstances of the particular case, to act upon the supposition that it exists". Therefore, the rebuttal does not have to be conclusively established but such evidence must be adduced before the court in support of the defence that the Court must either believe the defence to exist or consider its existence to be reasonably probable, the standard of reasonability being that of the 'prudent man'. 24. Judicial statements have differed as to the quantum of rebutting evidence required. In Kundan Lal Rallaram v. Custodian, Evacuee Property, this Court held that the presumption of law under Section 118 of Negotiable Instruments Act could be rebutted, in certain circumstances, by a presumption of fact raised under Section 114 of the Evidence Act. The decision must be limited to the facts of that case. The more authoritative view has been laid down in the subsequent decision of the Constitution Bench in Dhanvantrai Balwantrai Desai vs State of Maharashtra 1964 AIR 575, 1963 SCR Supl. (1) 485 where this Court reiterated the principle enunciated in State of Madras vs Vaidyanath Iyer 1958 S.C.R. 580 and clarified that the distinction between the two kinds of presumption lay not only in the mandate to the Court, but also in the nature of evidence required to rebut the two. In the case of a discretionary presumption the presumption if drawn may be rebutted by an explanation which "might reasonably be true and which is consistent with the innocence" of the accused. On the other hand in the case of a mandatory presumption "the burden resting on the accused person in such a case would not be as light as it is where a presumption is raised under Section 114 of the Evidence Act and cannot be held

to be discharged merely by reason of the fact that the explanation offered by the accused is reasonable and probable. It must further be shown that the explanation is a true one. The words 'unless the contrary is proved' which occur in this provision make it clear that the presumption has to be rebutted by 'proof' and not by a bare explanation which is merely plausible. A fact is said to be proved when its existence is directly established or when upon the material before it the Court finds its existence to be so probable that a reasonable man would act on the supposition that it exists. Unless, therefore, the explanation is supported by proof, the presumption created by the provision cannot be said to be rebutted.

**(૧૨)** **ફોજદારી ન્યાયશાસ્ત્રનો મુળભુત સિધ્ધાંત એ છે કે ફરીયાદપક્ષે પોતાનો કેસ વ્યાજબી શંકાથી પર સાબીત કરવાનો હોય છે, પરંતુ આરોપી ઉપર એ પ્રકારનો બોજો હોતો નથી અને આરોપીએ પોતાનો બચાવ વ્યાજબી શંકાથી પર નહી પરંતુ પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીના સિધ્ધાંતના આધારે પ્રસ્થાપિત કરવાનો હોય છે. તેનો અર્થ એ છે કે આરોપીએ પોતાનો બચાવ એ રીતે રેકર્ડ ઉપર પ્રસ્થાપિત કરવાનો છે અને ફરીયાદપક્ષના પુરાવામાં એવી શકાંઓ અને શકયતાઓ બતાવવાની હોય છે કે કે જેથી એક સામાન્ય બુધ્ધિશાળી માણસ પણ આરોપીએ જે શંકાનો અને શકયતાઓ દર્શાવી હોય તેવી શંકાઓ અને શકયતાઓ ખરેખર છે તેવું માનવા પ્રેરાય. તેના માટે એવું જરૂરી નથી કે આરોપીએ પોતે કોઈ પુરાવો આપવો પડે, પરંતુ તેઓ ફરીયાદપક્ષના સાહેદોની ઉલટ તપાસ દ્વારા પણ એવી શંકાનો ઉત્પન્ન કરાવી શકે કે જેથી અદાલત પોતે જ ગુંચવણમાં પડી જાય કે ફરીયાદીના પુરાવાનો કયો ભાગ સાચો અને કયો ભાગ ખોટો તે જ અદાલત નિયત કરી ન શકે અને આ સ્થિતીનો લાભ આરોપીને મળવાપાત્ર જણાય. જે બાબતે નામદાર સર્વોચ્ચ અદાલત અને અન્ય ઉચ્ચ અદાલતોના નીચે મુબજના ચુકાદાઓ છે.**

1. K.N. Beena Vs. Muniyappan And Another AIR 2001 SC 2895
2. Kumar Exports Vs. Sharma Carpets reported in (2009) 2 SCC 513
3. Kishan Rao v. Shankargouda reported in AIR 2018 SC 3173
4. M.S. Narayana Menon Alias Mani v. State of Kerala (2006) 6 SCC 39
5. Rangappa vs. Sri Mohan, 2010 (11) SCC 441

**તમામ ચુકાદાઓનો સાર એ છે કે આરોપી ઉપર પોતાનો બચાવ વ્યાજબી શંકાથી પર સાબીત કરવાનો બોજો હોતો નથી પરંતુ તેણે પોતાનો બચાવ એક સામાન્ય બુધ્ધિશાળી પણ જે શંકાઓ અને જે શકયતાઓનું અસ્તિત્વ**

માનવા પ્રેરાય તે રીતે માત્ર શકયતાઓના આધારે એટલે કે પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીના આધારે પુરવાર કરવાનો હોય છે પરંતુ તે કોઈ આધારે હોવો જોઈએ. તેથી આપણે તેને બીજા શબ્દોમાં એ રીતે મુકી શકીએ કે પુરાવા ધારા કલમ ૧૧૪ ના જે અનુમાનો છે અને તેને ખંડન કરવાનો જે બોજો છે તેની સરખામણીએ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ ૧૩૯ ના અનુમાનનું ખંડન કરવવાનો બોજો થોડો વધુ હોય છે, કલમ ૧૧૪ ના અનુમાનનું ખંડન કરવાનો બોજો ઓછો હોય છે કારણ કે તેમાં શબ્દો કોર્ટ મે પ્રિઝયુમ વપરાયેલ છે. જયારે કલમ ૧૩૯ માં કોર્ટ સેલ પ્રિઝયુમ શબ્દ વપરાયેલ છે. તેથી આ બોજો માત્ર મૌખિક ખુલાસાથી પુર્ણ થતો નથી પરંતુ આરોપીએ તેથી આગળ વધીને સદર શકયતાઓ અને શંકાઓ ખરી અને સાચી છે તેવું રેકર્ડ ઉપર પ્રસ્થાપિત કરવાનું છે. જયાં સુધી આવો ખુલાસો કોઈ યોગ્ય પુરાવા આધારીત ન હોય ત્યાં સુધી આવા અનુમાનનું ખંડન થયાનું માની શકાશે નહી.

## <u>Part - 7 Principle of Accused's stage of Defence :-</u>

**(૧૩–એ)** હવે આરોપીના બચાવનો તબકકો કયારથી શરૂ થાય છે એટલે કે આરોપીએ પોતાનો બચાવ કયા તબકકે મુકવો જોઈએ તેની ચર્ચા કરવી જરૂરી જણાય છે. આ અંગે નામદાર સર્વોચ્ચ અદાલત અને અન્ય નામદાર વિવિ ઉચ્ચ અદાલતોએ પોતાના વિવિધ ચુકાદાઓથી એવું પ્રસ્થાપિત કરેલ છે કે જો આરોપી સ્ટેચ્યુટરી નોટિસનો જવાબ રજુ ન કરે તો તેના વિરૂધ્ધ અનુમાન કરવા ફરજ પડે છે. જે ચુકાદાઓ નીચે મુજબ છે.

**A.** Madras High Court in P.Gnanambigai vs S.Krishnasamy decided on 23 December, 2010

B. Madras High Court reported in 2006 (1) L.W. (Crl.) 433 in <u>K.P. Chinnasamy V. T.B.Kennedy.</u>

<u>C</u>. In Gorantla Venkateswara Rao vs. Kolla Veera Raghava & another reported in 2006 Cri.L.J. 1, the Andhra Pradesh High Court

**D.** In Bharatbhai K. Patel vs C.L. Verma (Since Decd.) Through legal representative decided on 8 March, 2002 reported in 2002 CriLJ 3469, (2002) 2 GLR 1713

**E.** In Yogendra Bhagatram Sachdev v. State of Maharashtra, Maharashtra 2003 ALL MR (Cri) 639,

**F.** In AIR 2010 SUPREME COURT 1898 "Rangappa v. Mohan" (C) Negotiable Instruments Act (26 of 1881) ,

S.138 , S.139 - DISHONOUR OF CHEQUE - Very fact that accused had failed to statutory notice u/S.138 of Act - Leads to inference that there was merit in complainant's version of spending his own money

**(૧૩–બી)** ઉપરોકત ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરવામાં આવેલા સિધ્ધાંતના આધારે એ બાબત સ્પષ્ટ થાય છે કે આરોપીના બચાવનો તબકકો તેને જયારે કાયદાકીય નોટિસ બજાવવામાં આવે છે ત્યારથી શરૂ થાય છે. જો આરોપીને આપવામાં આવેલ કાયદાકીય નોટિસનો કોઈ જવાબ આપવામાં ન આવેલ હોય તો ફરીયાદના પક્ષમાં કલમ ૧૩૯ ના અનુમાનો સીધ્ધા લાગુ પાડી દેવાના હોય છે અને પ્રાથમિક તબકકે એવું માનવા ફરજ પડે કે આરોપીનો કોઈ બચાવ નથી અને ફરીયાદીના કેસમાં તથ્ય છે.

**(૧૩–સી)** જો ઉપરોકત સિધ્ધાંત અનુસાર હાલના કેસમાં ચકાસણી કરવામાં આવે તો કેસમાં સ્પષ્ટ છે કે આરોપીને રજીસ્ટર્ડ એ.ડી.થી. નોટિસ મોકલેલ. જે ઈન્ટીમેટ કરવા છતાં સ્વીકારેલ નથી તેથી બજી ગયેલ છે, આરોપીએ જવાબ આપેલ નથી. આ અદાલત એ બાબતથી યોગ્ય રીતે માહિતગાર છે કે આરોપનો બચાવ તેણે આપેલ નોટિસના જવાબ પુરતો સિમીત રહેતો નથી, પરંતુ તેના દ્વવારા કેટલીક પાયાની હકીકતોનું પ્રસ્થાપન થાય છે.

## <u>Part - 8 Jurisdiction of the Court :-</u>

**(૧૪–એ)** નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ (એમેન્ડમેન્ટ) એકટ ૨૦૧૫ માં આવેલા સ્થાનિક હકુમત બાબતેના સુધારા અન્વયે નામદાર ગુજરાત હાઈકોર્ટે પોતાના Brijendra Enterprise v. State of Gujarat and another (Criminal Misc. Application No.13062 of 2011, decided on 30th March 2016) ચુકાદામાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે ફરીયાદીને તેની જે બેન્કમાં ચેક જમા કરાયેલ હોય તે બેન્કના સ્થળે ફરીયાદ દાખલ થઈ શકે.

**(૧૪–બી)** સદર સિધ્ધાંત અનુસાર હાથ પરના કેસના સંજોગો જોવામાં આવે તો હાલ કેસના ફરીયાદી એટલે કે પેઈએ વાદગ્રસ્ત ચેક પોતાની સુરતની બેન્કમાં જમા કરાવેલ. તેથી આ અદાલતને હકુમત હોવાનું માનવામાં આવે છે.

## <u>Part - 9 Reasoning :-</u>

**મુદ્દા નં. (૧) શું કોર્ટ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ મુજબ ચેકના ધારકની તરફેણમાં અનુમાન કરી શકે છે ?**

**(૧૫)** ફરીયાદી પક્ષે જે જે મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલા છે તેને બચાવપક્ષે ઉલટ

તપાસ દ્વવારા પડકારેલા નથી. તે સીવાય તેના પોતાના પક્ષે કોઈ પુરાવો રજુ નથી.

**(૧૬)** કલમ–૧૩૮ હેઠળ ગુનો અનેક કાર્યો કરવાથી સંપૂર્ણ બને છે અને ગુનાના મુખ્ય તત્વો નીચે પ્ર માણે છે. (૧) ચેક કાઢી આપવો (ર) ચેક બેંકમાં રજુ કરવોં (૩) ચૂકવનાર બેકે તે ચેક વણ ચૂકવ્યો પરત કરવો (૪) ચેક કાઢી આપનાર ને નોટીસ આપી નાણાંની માંગણી કરવી, (૫) ચેક કાઢી આપનાર વ્યકિતએ નોટીસના પંદર દિવસની અંદર તેની ચુકવણી કરવામાં નિષ્ફળ જાય.

**(૧૭)** આરોપી અદાલત સમક્ષ હાજર થયેલા નથી. ફરીયાદપક્ષનો પુરાવો ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ ર૯૯ હેઠળ નોંધવામાં આવેલ છે. તે સમયે આ અદાલતે એટલું જ જોવાનું છે કે ફરીયાદીનો પુરાવો કાયદાની મર્યાદામાં સમાવિષ્ટ થતો જણાય છે ? જો હા તો આરોપીનો કોઈ ચોકકસ બચાવ રેકર્ડ ઉપર ન હોય, નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૯ ધ્યાને લેતા ફરીયાદીના કેસમાં તેની તરફેણમાં કાયદાના અનુમાનો લાગુ પડી કેસમાં આગળ કાર્યવાહી કરવાની થાય છે.

**(૧૮)** કેસમાં પડેલ પુરાવો ધ્યાને લેતા નીચેની બાબતો અંગે કોઈ વાદ નથી. અને નીચેની બાબતો બીન તકરારી છે જેમ કે,

(૧) વાદગ્રસ્ત ચેક આરોપીના ખાતાનો છે.

(ર) જે ખાતું કોલ્હાપુરમાં ચાલે છે.

(૩) વાદગ્રસ્ત ચેક ઓપનીંગ બેલેન્સ ઈનસફીશીયન્ટના શેરા સાથે પરત આવેલ છે.

**(૧૯)** આ કામે અધીનીયમની કલમ–૧૩૯ વંચાણે લેવી ઘણી જ જરૂરી છે, જે કલમ વંચાણે લઈએ તો તે નીચે મુજબ છે.

કલમ–૧૩૯ : ધારકની તરફેણમાં સુચના :

જયાં સુધી વિપરીત પૂરવાર કરવામાં આવે નહીં, ત્યાં સુધી એમ અનુમાન કરવામાં આવશે કે ચેકનાં ધારકે કલમ–૧૩૮ માં જણાવેલ ચેક, કોઈપણ દેવુ અથવા અન્ય જવાબદારીને પુરેપુરી રીતે અથવા અંશતઃ ફેરવા માટે મેળવ્યો હતો.

**(ર૦)** આ કામે નામદાર બોમ્બે ઉચ્ચ અદાલતનો બ્રીતેન્દ્રનાથ બેનરજી વિ. હિતેન પી. દલાલ ૧૯૯૩ (૪) સી.સી.આર. પાના નં. ર૭૮૫ નો ચુકાદો ધ્યાને લેવો ઘણો જ જરૂરી છે. જેમાં પારા નં.૬૭ માં સ્પષ્ટ જણાવેલ છે કે ફરીયાદપક્ષે ચેક કાયદેસરના દેવા કે જવાબદારી પેટે આપવામાં આવે તો પૂરવાર કરવાની જરીયાત જ નથી. વધુમાં એમ પણ પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે ફરીયાદપક્ષે એ પણ દેખાડ કરવો જરૂરી નથી કે ચેક કેવી રીતે ? કયારે ? અને શા માટે ? આપવામાં આવેલો. આજ રીતે નામદાર સર્વોચ્ચ અદાલતના કેટલાક અન્ય ચુકાદાઓ ધ્યાનમાં લેવામાં આવે તો તેમાં પણ કંઈક આવો જ સિધ્ધાંત પ્રસ્થાપિત કરવામાં આવેલ છે.

**In case of Hiten P.Dalal vs. Bratindranath Banerjee reported in (2001) 6 SCC 16**
**In 2010 AIR SCW 2946 "Rangappa v. Mohan"**

**In the decision of Girishbhai Natwarbhai Patel vs. State of Gujarat reported in 2006(1) DCR 594 and 2006 CriLJ 3378, (2006) 1 GLR 786**

આ બાબત ઉપરના છેક સને ૨૦૧૮ સુધીના નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદાઓનો એક અભ્યાસ કરવામાં આવે તો આ જ બાબત ફલીત થાય છે. નામદાર સર્વોચ્ચ અદાલતના પોતાના જ શબ્દો મુજબ "In other words, provided the facts required to form the basis of a presumption of law exists, no discretion is left with the Court but to draw the statutory conclusion."

**(૨૧)** બચાવપક્ષે પુરાવો પડકારેલ છે, પરંતુ તેમાંથી ફરીયાદપક્ષની વિરૂધ્ધની કોઈ હકકીત રેકર્ડ ઉપર આવેલ નથી. ઉપરાંત નામદાર સર્વોચ્ચ અદાલતને 2014 STPL (Web) 417 SC SUPREME COURT OF INDIA STATE OF RAJASTHAN VERSUS THAKUR SINGH Criminal Appeal No. 357 of 2005-Decided on 30-6-2014. Evidence - Burden of Proving fact especial within knowledge. held that 21. More recently, in Gian Chand v. State of Haryana[2013) 14 SCC 420] a large number of decisions of this Court were referred to and the interpretati on given to Section 106 of the Evidence Act in Shambhu Nath Mehra was reiterated VG[ 5]ZFJF WFZF S,D v !_& AFAT[ JQFM" H]GF 5|:YFl5T l;wWF\TMG[ OZLYL 5}GZFJTL"T SZ[, K[ S[ Section 106 of the Evidence Act is designed to meet certain exceptional cases, in which, it would be impossible for the prosecution to establish certain facts which are particularly within the knowledge of the accused.

**(૨૨)** બચાવપક્ષ દ્વારા કોઈ રીબર્ટલ પ્રિઝમ્પ્શન અને પ્રોબેબલ ડીફેન્સ રજુ થયેલા જ નથી, તાજેતરનો નામદાર સર્વોચ્ચ અદાલતનો Kishan Rao vs Shankargouda on 2 July, 2018 GM TYF T.P.**Murugan** vs. **Bojan**, Criminal Appeal No(s). 950-951 of 2018 [Arising out of SLP (Crl.) Nos. 10111-10112 of 2014], DOD 31.07.2018, SC. નો ચુકાદો વંચાણે ચુકાદો વંચાણે લેવામાં આવે તો તેમાં ફરીથી એ જ સિધ્ધાંત પ્રસ્થાપિત થયેલ છે કે "mere denial of a debt or liability cannot shift the burden of proof from the accused in a case of dishounor of the cheque". It is also justified in the decision that in the event the accused is able to raise a probable defence which creates doubt with regard to the existence of a debt or liability, the presumption may fail. પરંતુ હાથ

ઉપરના કેસમાં એવો કોઈ પ્રોબેબલ ડીફેન્સ રેકર્ડ પર નથી.

**(૨૩)** હવે જયારે ફરીયાદી પાસે આરોપીના ખાતાનો ચેક પુરાવા તરીકે ઉપ્લબ્ધ છે, આરોપીનો કોઈ બચાવ નથી, માલ લેણાના નાણાં બાબતની ફરીયાદ છે, તેવા સંજોગોમાં એ બાબત સ્પષ્ટ થાય છે કે હાલના ફરીયાદી ચેકના કાયદેસરના ધારક છે અને કોર્ટ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ મુજબ ચેકના ધારકની તરફેણમાં અનુમાન કરી શકે તેમ છે. તેથી મુદ્દા નં.૧ નો જવાબ હકારાત્મક આપવામાં આવે છે.

**મુદ્દા નં. (૨) શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે પૂરવાર કરે છે કે, ચેકના ધારકે નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ (એ) મુજબ ચેક લખ્યા તારીખથી નિયત સમયમાં ચેક બેન્કમાં રજુ કરવો તથા કલમ – ૧૩૮ (બી) મુજબ ચેક રીટર્ન થયાના ત્રીસ દિવસમાં ચેકના ધારણ કરનારે લેખીત નોટિસ આપી રકમની માંગણી કર્યાની તથા કલમ –૧૩૮ (સી) મુજબ ચેક લખનાર નોટિસ મળ્યાના પંદર દિવસમાં નોટિસમાં માંગ્યા મુજબની રકમ ચુકવવામાં નિષ્ફળ ગયાની જોગવાઈઓનું પાલન કરેલ છે ?**

**(૨૪)** હવે કલમ–૧૩૮(એ) મુજબ ચેક લખ્યા તારીખથી નિયત સમયમાં ચેક બેન્કમાં રજુ કરવો જોઈએ તે અંગે વિચાર કરવામાં આવે તો, આ કામે ફરીયાદ પક્ષે જે ચેક રજુ થયેલ છે, જે રીટર્ન મેમો રજુ કરેલ છે, જે ચેકમાં લખેલ તારીખથી નિયત સમય મર્યાદામાં ચેક બેન્કમાં રજુ થયેલા છે. જે "રીફર ટુ ડ્રોઅર" ના શેરા સાથે પરત ફરેલ. આરોપી તરફે નોટિસનો જવાબ રજુ કરેલ નથી, ઉલટ તપાસ થયેલ નથી. કોઈ રીબર્ટલ પુરાવો રજુ નથી. આમ, નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ –૧૩૮ (એ) ની જરૂરીયાતોનું પાલન થયેલ હોવાનું માનવામાં આવે છે.

**(૨૫)** સદરહુ કામે ફરીયાદીએ આપેલ નોટિસ તથા આ નોટીસ મોકલ્યાની પાવતી રજુ કરેલ છે. જે ઈન્ટીમેશન આપવા છતાં સ્વીકારેલ નહી હોવાથી બજી ગયેલ ગણાય. જેથી નોટિસ બજવણીના સિધ્ધાંત અંગે નામદાર સર્વોચ્ચ અદાલતના **D.Vinod Shivappa V/s Nanda Belliappa, reported IN A.I.R. 2006 S.C. 2170 = 2006 (7) S.R.J. 25,** TYF **C.C. Alavi Haji V. Palapetty Muhammed & Anr. reported in 2007 (1) G.L.H. 512 (SC),** TYF V. Raja Kumari V. P. Subbarama Naidu reported in JT 2004 (9) SC 431 TYF In **AIR 2009 SUPREME COURT 386 "Indo Automobiles, M/s. v. M/s. Jai Durga Enterprises"** તથા In **V. Raja Kumari vs. P. Subbarama Naidu and Anr. [2004 (8) SCC 774]**, ના ચુકાદાઓ વંચાણે લેવામાં આવે તો નોટિસ મોકલવી મહત્વની છે. નોટિસ આરોપીના એડ્રેસે મોકલાવેલ છે.

**(૨૬)** નામદાર ગુજરાત હાઈકોર્ટ પોતાના Dineshbhai Manilal Raval V/S. Manshukhbhai Maganbhai Patel reported in 2012 (0) GLHEL - HC 226490 - ચુકાદામાં ત્યાં સુધી જણાવે છે કે નોટિસ ન મળી હોય તો સમન્સ બજયાના ૧૫ દિવસમાં ચેકની રકમનું પેમેન્ટ અદાલતમાં કરી આપવાનું રહે છે. તેમ છતાં આરોપીએ કોઈ રકમની ચુકવણી કરેલ હોય તેવો કોઈ પુરાવો રજુ નથી. જો આરોપી નોટિસ નથી બજી તેવો બચાવ લે છે તો નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો છે કે સમન્સ બજયાના ૧૫ દિવસમાં ચુકવણું કરે. તાજેતરમાં તો નામદાર સર્વોચ્ચ અદાલતે પોતાના M/s.Meters and Instruments Pvt. Ltd. v. Kanchan Mehta (AIR 2017 SC 4594) ના ચુકાદામાં પેરા ૧૯ અને ૨૦ આપેલ ડાયરેકશન અનુસંધાને નામદાર ગુજરાત હાઈકોર્ટના Sachin Singh Rakesh Singh Chauhan v. Tribhuvanbhai Bhailal Vasava Dtd. 19-2-2018 ના ચુકાદામાં આપેલ માર્ગદર્શન મુજબ જો ફરીયાદી રકમ ન સ્વીકારતા હોય અને આરોપી રકમ ભરવા તૈયાર હોય તો અદાલતો પણ રકમ સ્વીકારે છે. તેમ છતાં આરોપીપક્ષે અદાલતમાં આવવાની તસ્દી લીધેલ નથી કે આવી કોઈ રકમ આજે બે વર્ષ થવા છતાં ચુકવવા કોઈ તૈયારી બતાવેલ નથી. તેથી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ (બી) મુજબ ચેક રીટર્ન થયાના ત્રીસ દિવસમાં ચેકના ધારણ કરનારે લેખીત નોટિસ આપી રકમની માંગણી કર્યાની તથા કલમ – ૧૩૮ (સી) મુજબ ચેક લખનાર નોટિસ મળ્યાના પંદર દિવસમાં નોટિસમાં માંગ્યા મુજબની રકમ ચુકવવામાં નિષ્ફળ ગયાની જરૂરીયાતોનું પાલન થયેલાનું માનવામાં આવે છે. જેથી મુદ્દા નં. ૨ નો જવાબ હકારાત્મક આપવામાં આવે છે.

**મુદ્દા નં. (૩) શું હાલની ફરીયાદ દાખલ કરવા ફરીયાદીને હકક છે ?**

**(૨૭)** ઉપરના પેરામાં કરેલ ચર્ચા મુજબ રજુ થયેલ ચેક ફરીયાદીના નામનો છે. તેથી ફરીયાદીને ફરીયાદ દાખલ કરવાનો અધીકાર હોવાનું માનવામાં આવે છે, અને મુદ્દા નં.૩ નો ઉત્તર હકારાત્મક આપવામાં આવે છે.

**મુદ્દા નં. (૪) શું હાલની ફરીયાદ સમય મર્યાદામાં દાખલ થયેલ છે ?**

**(૨૮)** આ કામે રજુ થયેલ ચેક ફરીયાદીના નામનો ખાતાનો છે, જે રીફર ટુ ડ્રોઅર ના શેરા સાથે પરત આવેલ છે. જેની જાણ બેન્કે આ કામના ફરીયાદીને જાણ કરેલ. ત્યારબાદ દિવસ–૩૦ માં આરોપીને નોટીશ મોકલવામાં આવેલ છે. જે આરોપીના ખરા સરનામે મોકલાવેલ. જે કવર બજી ગયેલ છે. આરોપીએ તેનો જવાબ આપેલ નથી. આરોપીએ રકમ ચુકવેલ નથી. ત્યારબાદ કલમ – ૧૪૨ (એ) મુજબ દાવાનું કારણ ઉત્પન્ન થયા બાદ સમય માર્યાદામાં હાલની ફરીયાદ કરવામાં આવેલ છે. આમ, ફરીયાદ નિયત સમય મર્યાદામાં દાખલ થયેલ હોય, મુદ્દા નં. ૪ નો જવાબ હકારાત્મક આપવામા આવે છે.

## Part - 10 Conclusion :-

**(૨૯) મુદ્દા નં. ૫ :–**

આમ, ફરીયાદ પક્ષ તરફથી જે પુરાવો રજુ કરવામાં આવેલ છે તેની ઉપર ચર્ચા કર્યા મુજબ મૈખીક તેમજ દસ્તાવેજ પુરાવાનું વિશ્લેષણ કરતા નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ – ૧૩૮ નાં તમામ તત્વો ફરીયાદ પક્ષે પરીપૂર્ણ કરેલ છે આ કામે રજુ થયેલ ચેક જોતાં ફરીયાદીનાં નામના છે. નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ – ૧૪૨ (એ) અન્વયે હાલનાં ફરીયાદી ફરીયાદ દાખલ કરવા માટે યથાનુક્રમે ચેક ધારણ કરનાર વ્યકિત છે, તેમજ હાલની ફરીયાદ દાખલ કરતા પહેલા આરોપીને દિન–૩૦ માં નોટીશ આપવામાં આવેલ છે. ચેકની રકમ ફરીયાદીને દિન – ૧૫ માં ચુકવી આપેલ નથી અને હાલની ફરીયાદી દાવાનું કારણ ઉત્પન્ન થયુ ત્યારબાદ ૧૬ માં દિવસ પછી અને એક માસની અંદર દાખલ કરવામાં આવેલ છે જે ફરીયાદ કલમ–૧૪૨(બી) મુજબ સમય મર્યાદામાં દાખલ કરવામાં આવેલ છે. બચાવપક્ષને ફરીયાદીના પુરાવાને ચેલેન્જ કરેલ નથી તે જોતા કાયદા મુજબનો કોઈ રીબર્ટલ પુરાવો તેની તરફેણમાં આવી શકતો નથી. કાયદામાં સ્પષ્ટ જોગવાઈ છે કે બુધ્ધીગમ્ય પુરાવા સિવાયના માત્ર બેર વર્ડીંગ્સના આધારે કોઈ બચાવ માન્ય રહી શકે નહી. નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ હેઠળ આરોપી ઉપર પુરાવાનું ઓનસ લીબરલ હોય છે પરંતુ તે માત્ર શાબ્દીક વાંધાઓથી શીફટ થઈ શકે નહી. તેથી ઉપરોકત ચર્ચા મુજબ આરોપીનો કોઈ બચાવ જ રજુ થયેલ નથી.

**(૩૦)** ઉપરોકત તમામ વિસ્તૃત ચર્ચાને અંતે જયારે મુદ્દા નં. ૧ થી ૪ નો જવાબ હકારાત્મક આવેલ હોય અને આરોપી કલમ – ૧૩૮ હેઠળનાં ગુના માટે તકસીરવાન ઠરેલા છે. કેસ વોરંટ ટ્રાયેબલ રીતે ચાલેલ નથી, સમન્સ ટ્રાયેબલ રીતે ચાલેલ છે. તેથી ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ ૨૫૫ મુજબ આરોપીપક્ષને સજા બાબતે સાંભળવા આવશ્યક નથી. અત્યારે સમાજમાં દિન પ્રતીદિન લોકો ચેક આપવાનું વધારે પસંદ કરે છે તેવા કારણસર આવા ગુનાઓ ની ઉતરોતર વૃધ્ધિ થવા પામેલ છે, અત્યારે વ્યાપાર ધંધામાં ચેકથી વ્યવહાર કરતા એક પ્રકારનો ભય વ્યાપી ગયેલ છે. કાયદાનો હેતુ અને ઉદેશ ધ્યાનમાં લેતા આરોપીએ ફરીયાદીને કાયદેસરના લેણા પેટે ચેક આપેલો. જે ઈનસફીશીયન્ટના કારણે પરત ફરેલ છે તેવા સંજોગોમાં આરોપીને પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એકટ અથવા ક્રિ.પ્રો. કોડની કલમ – ૩૬૦ અન્વયે પ્રોબેશનનો લાભ આપવો ન્યાયોચીત લાગતો નથી. આરોપી ને નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ – ૧૩૮ મુજબ કેદની સજા ૨ વર્ષ સુધી લંબાવી શકાય અને દંડની રકમ ચેકમાં જે રકમ જણાવી છે તેનાથી બમણી થઈ શકે તેમ છે. આ બાબતની ચર્ચા ભાસ્કરણના કેસમાં પણ કરવામાં આવેલ છે. એ યાદ રાખવુ જોઈએ કે અદાલતે કોડની કલમ–૩૫૭(૩) ની જોગવાઈઓનો ઉદારતા પૂર્વક લાભ આપવો જોઈએ પેટા કલમમાં વળતર અંગે કોઈ મર્યાદાનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી તેથી મેજીસ્ટ્રેટ કોઈ પણ રકમ વળતર તરીકે અપાવી શકે છે. અલબત આવી વળતરની રકમ નકકી કરતી વખતે મજીસ્ટ્રેટે એવી વિચારણા કરવાની છે કે, ફરીયાદીને વળતર ચૂકવવા અંગે એવોર્ડ કરવાની સતા છે સાથે ક્રિ .પ્રો.કો.ની કલમ–૩૫૭ (૫) પણ ધ્યાને લેવી જરૂરી છે. આમ જયારે મેજીસ્ટ્રેટને લાગે કે ફરીયાદીને વળતર આપવું જોઈએ તો તે કેદની સજા કર્યા પછી ફરીયાદીને વળતર અંગે એવોર્ડ કરી શકશે જે કોડની કલમ–૩૫૭ માં

કોઈ મર્યાદા નકકી કરવામાં આવી નથી. સજા અને વળતર વિશેના પ્રશ્નો ટ્રાયલ કોર્ટે વિચારવાના છે. નામદાર સર્વોચ્ચ અદાલતે તાજેતરના પોતાના Meters and Instruments Private Limited and Another vs. Kanchan Mehta reported in AIR 2017 SC 4594 ના ચુકાદામાં તો ત્યાં સુધી જાહેર કરેલ છે કે નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટનો મુખ્ય ધ્યેય The object of the provision being primarily compensatory, punitive element being mainly with the object of enforcing the compensatory element. તેથી આવા ગુન્હાકીય પ્રવૃતી કરવાની ટેવ ધરાવતા વ્યકિત સાથે કોઈ પણ હમદર્દી ભર્યો વ્યવહાર કરી તેને ઓછી સજા કરવાનું વ્યાજબી અને ન્યાયોચીત જણાતું નથી. આમ, હાલના કેસમાં આરોપીને પૂરેપૂરી સજા કરવી જોઈએ તેવું મારૂં માનવું છે. આવા આરોપીઓને સખ્ત નસીહત મળે તે જરૂરી છે તેમજ ફરીયાદીને વળતર ચુકવવામાં આવે તો ન્યાયી, વ્યાજબી અને વ્યવહારૂ જણાય આવે છે. તાજેતરમાં નામદાર સર્વોચ્ચ અદાલતે જાહેર કરેલા ચુકાદા મુજબ જયારે મેજીસ્ટ્રેટ દંડની સજા ફરમાવતા હોય ત્યારે તેને ફરીયાદીને વળતર તે દંડની રકમમાંથી જ આપવું જોઈએ. તે દંડની રકમ ઉપરાંત વળતરની રકમ અપાવવાની સત્તા કાયદા મુજબ મેજીસ્ટ્રેટને નથી. જેથી હાલના કેસમાં ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ– ૧૩૮ વંચાણે લેતાં આરોપીને ચેકની રકમથી બમણી રકમનો દંડ કરવાની સત્તા અદાલતને છે. જેથી આ કામનો ન્યાયીક અંત આણવા સારૂ ન્યાયનાં હીતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**–:: આખરી હુકમ ::–**

**(૧)** ધી ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૫૫(૨) અન્વયે આરોપી શ્રી વેંકટેશ્વર એન્જીનીયરીંગ વર્કસના પ્રોપ્રાઈટર ઈન્દ્રજીતભાઈ દેશમુખ, ધંધો–વેપાર, ઠે. નેશનલ હાઈ વે નં. ૪ પાસે, કેન્સર હોસ્પિટલ પાસે, કોલ્હાપુરા, મહારાષ્ટ વાળાને નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ– ૧૩૮ નાં શિક્ષાપાત્ર ગુના માટે તકસીરવાન ઠરાવી ૨ (બે) વર્ષની સખત કેદની સજાનો હુકમ કરવામાં આવે છે તથા રૂા.૪,૬૪,૦૦૦/–રૂા.ચાર લાખ ચોસઠ હજાર પુરાનો દંડ સંયુકત રીતે કરવામાં આવે છે.

**(૨)** જો આરોપી દ્વવારા દંડ ભરવામાં ન આવે તો આરોપીને વધુ છ માસની સખત કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે. તથા દંડની રકમ આરોપીની મિલકતમાંથી ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ – ૪૨૧ મુજબ રેવન્યુની બાકી રકમ તરીકે રીકવર કરવાનો રહેશે. આરોપીની જે કોઈ મિલકત મળી આવે તે તમામ મિલકતની તુરંત જપ્તી કરી તે મિલકત સરકાર ખાલસા કરી રેવન્યુ રાહે દંડની રકમ વસુલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**(૩)** ક્રિ.પ્રો. કોડની કલમ–૩૫૭ (૧) મુજબ આરોપીએ ભરેલ દંડની રકમમાંથી ફરીયાદીને વળતર પેટે રૂા.૩,૦૦,૦૦૦/– અંકે રૂપિયા ત્રણ લાખ પુરા ખાસ વળતર તરીકે ક્રિમીનલ મેન્યુઅલ પેરા–૨૦૯ મુજબ ચુકવી આપવાનાં રહેશે.

**(૪)** આરોપી આ કામે ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ ૨૫૧ / ૨૪૬ મુજબ તહોમત/ફરીયાદનો જવાબ આપવા તથા ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ ૩૧૩ મુજબ પોતાની વિરૂધ્ધ રજુ થયેલા પુરાવા અન્વયે વિશેષ

નિવેદન નોંધવાના સમયે અદાલતમાં હાજર રહેલા ન હોય તેથી તેઓના સજા વોરંટ તાત્કાલીક ઈસ્યુ કરી પોલીસ કમીશ્નરશ્રી, સુરત તથા ડી.આઈ.જી.શ્રી ગાંધીનગરે તથા પોલીસ કમીશ્નર શ્રી કોલ્હાપુર તાત્કાલીક બજવણી માટે મોકલવું અને પોલીસ કમીશ્નરશ્રી, સુરત તથા ડી.આઈ.જી.શ્રી ગાંધીનગરે તથા પોલીસ કમીશ્નરશ્રી કોલ્હાપરનાએ સદર વોરંટની બજવણી કરાવડાવી તથા આરોપીની જે કોઈ મિલકત મળી આવે તે તમામ મિલકતની જપ્તીની કાર્યવાહી કરાવી દંડની રકમ વસુલ લઈ અદાલતમાં જમા કરાવવી.

**(૫)** તથા દંડની રકમ રીકવર મિલકતની જપ્તી કરી તે મિલકત સરકાર ખાલસા કરી રેવન્યુ રાહે દંડની રકમની વસુલાતની કાર્યવાહી રેવન્યુ રાહે કરવા રેવન્યુ અધીકારીને પણ તુરંત જાણ કરવી.

**(૬)** આરોપીના જે કોઈ પાસપોર્ટ હોય તો તે પાસપોર્ટ તુરંત અસરથી બંધ પાડવા પાસપોર્ટ અધીકારીને જાણ કરવી અને તેઓએ પાસપોર્ટ બંધ પાડયાની કાર્યવાહી કર્યા બાદ આ અદાલતને લેખિત જાણ કરવા સુચના આપવી.

**(૭)** આરોપીને સદર હુકમની એક નકલ ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ ૩૬૩(૧) મુજબ નકલ તેઓને લાજપોર મધ્યસ્થ જેલ ખાતે પકડીને રજુ કરવામાં આવે તે સમયે લાજપોર મધ્યસ્થ જેલ, સુરતના જેલરશ્રી મારફત પુરી પાડવાની રહેશે. તથા જેલરશ્રીએ સદર નકલ આરોપીને પુરી પાડયા બાબતેની પહોંચ આ અદાલતને પહોંચતી કરવાની રહેશે.

**(૮)** આ અદાલતના બોર્ડ કલાર્કશ્રીએ ઉપરોકત તમામ વોરંટો ઈસ્યુ કર્યાની એક એક કોપી આ કેસના રેકર્ડમાં તેને આંક પાડીને મુકવાની રહેશે.

હુકમ આજરોજ તારીખ ૨૦/૨/૨૦૧૯ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ – સુરત.
તા.૨૦/૨/૨૦૧૯

(શિલ્પા મનસુખલાલ કાનાબાર)
૬ઠ્ઠા એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ
સુરત. કોડ નં.જી.જે.૦૦૮૧૪

To, the Police Commissioner/ Surat, Kolhapur.

As the accused mentioned below is convicted for the offence mentioned below. He has not paid any amount of fine. Hence, your are requested to realise the amount of fine as mentioned below. If the amount of fine can not be recovered through the assets of accused, the produce the accused before the Jailor, Central Jail, Lajpor Surat for the fulfillment of the conviction order passed in default of fine.

**FORM NO. 34**

Warrant of Commitment on a Sentence of Imprisonment or Fine passed by court

**[See sections 235, 248 and 255)]**

To the Officer in charge of the Jail at Lajpor

WHEREAS the name of the person and case No with the date of conviction mentioned below was convicted before the Court of 6th Additional Chief Judicial Magistrate, Surat (State Gujarat) for the offence of Negotiable Instrument Act S. 138 and was sentenced as mentioned below.

This is to authorise and require you to receive the said prisoner's name mentioned below into your custody in the said Jail, together with this warrant, and thereby carry the aforesaid sentence into execution according to law.

Dated this 20th Day of February 2019

(S.M.Kanabar)
6th Addl. Chief Judicial Magistrate Surat
Gujarat Code-GJ00814

CC NO. 306/2017 DATED 20/2/2019

Accused Indrajit Deshmukh, Proprietor of Venkateswar Engineering Works, Address - Nr. Cancer Hospital, N.H. No.4, Kolhapur, Maharashtra and S-1, Gajalta Arcade, Nr. Sahaji Law College, Sahoopuri, Kolhapur, Maharashtra is ordered to serve sentence of 2 (two) years and also liable to pay fine of Rs.4,64,000/- (four lakhs Sixty Four thousand only). In default of payment of fine, accused will be liable for further simple imprisonment of 6 months and fine will be recovered by way of levy of due revenue from assets of all the accused.

**FORM NO. 43**
**Warrant to Levy a Fine by Attachment and Sale**
**(See section 421)**

To Police Commissioner/ Surat and Kolhapur

WHEREAS the person whose name mentioned below is convicted before me of the offence of Negotiable Instrument Act S. 138 and sentenced to pay a fine of rupees mentioned below and whereas the said person although required to pay the said fine, has not paid the same or any part thereof;

This is to authorise and require you to attach any movable property, belonging to the said person named below which may be found within your district; and if immediately after such attachment the said sum shall not be paid or (forthwith) to sell the movable/immovable property attached or so much thereof as shall be sufficient to satisfied the said fine, returning this warrant, with an endorsement certifying that you have done under it, immediately upon its execution.

Dated this 13th Day of February 2019

(S.M.Kanabar)
6th Addl. Chief Judicial Magistrate Surat
Gujarat Code-GJ00814

CC NO. 306/2017 DATED 20/2/2019

Accused Indrajit Deshmukh, Proprietor of Venkateswar Engineering Works, Address - Nr. Cancer Hospital, N.H. No.4, Kolhapur, Maharashtra and S-1, Gajalta Arcade, Nr. Sahaji Law College, Sahoopuri, Kolhapur, Maharashtra is ordered to serve sentence of 2 (two) years and also liable to pay fine of Rs.4,64,000/- (four lakhs Sixty Four thousand only). In default of payment of fine, accused will be liable for further simple imprisonment of 6 months and fine will be recovered by way of levy of due revenue from assets of all the accused.

**FORM NO. 44**

**Warrant for Recovery of Fine**

**(See section 421)**

To the collector of the district / Revenue Authority Surat and Kolhapur

WHEREAS the person named below was convicted before me for the offence of Negotiable Instrument Act and sentenced to pay a fine of rupees as mentioned below ; and whereas the said person named below, although required to pay, the said fine has not paid the same or any part thereof;

You are hereby authorised and requested to realise the amount of the said fine as arrears of land revenue from the movable of immovable property, or both, of the said person and to certify without delay what you may have done in pursuance of this order.

Dated this 13th Day of February 2019

(S.M.Kanabar)
6th Addl. Chief Judicial Magistrate Surat
Gujarat Code-GJ00814

CC NO. 306/2017 DATED 20/2/2019

Accused Indrajit Deshmukh, Proprietor of Venkateswar Engineering Works, Address - Nr. Cancer Hospital, N.H. No.4, Kolhapur, Maharashtra and S-1, Gajalta Arcade, Nr. Sahaji Law College, Sahoopuri, Kolhapur, Maharashtra is ordered to serve sentence of 2 (two) years and also liable to pay fine of Rs.4,64,000/- (four lakhs Sixty Four thousand only). In default of payment of fine, accused will be liable for further simple imprisonment of 6 months and fine will be recovered by way of levy of due revenue from assets of all the accused.

**ફોજદારી કેસ નં.૩૦૬/૨૦૧૭**

જે.કે. એન્ટરપ્રાઈઝના ભાગીદારી પેઢીના ભાગીદાર
નવનીતભાઈ એ. જીયાણી, ધંધો – વેપાર,
ઠે. ૧૫૦, લક્ષ્મી નગર સોસાયટી, ધરમનગર રોડ,
એ.કે. રોડ, સુરત. મોબાઈલ નં. ૯૯૭૯૮–૮૬૨૧૮ . . . . . ફરીયાદી.

વિરૂધ્ધ

વેંકટેશ્વર એન્જીનીયરીંગ વર્કસના પ્રોપ્રાઈટર
ઈન્દ્રજીતભાઈ દેશમુખ, ધંધો–વેપાર,
ઠે. નેશનલ હાઈ વે નં. ૪ પાસે, કેન્સર હોસ્પિટલ પાસે,
કોલ્હાપુરા, મહારાષ્ટ્ર. . . . . . . . . . આરોપી.

**ગુન્હો :–** નેગોશ્યેબલ ઈન્સ્ટુમેન્ટ એકટ કલમ–૧૩૮ મુજબ.

તા.૨૦/૨/૨૦૧૯ કામ રજુ
આરોપી ફરારી જાહેર કરેલ છે તેથી હાજર નથી.
ફરીયાદપક્ષ હાજર છે.
૩૭ આરોપી સામે ચુકાદો જાહેર કર્યો.
આરોપી સામે હુકમ મુજબની કાર્યવાહી કરી
તેની સામે વોરંટ ઈસ્યુ કરી તેની એક એક નકલ
કેસમાં સામેલ રાખવાનો આ અદાલતના સુપ્રિન્ટેન્ડન્ટને
હુકમ કરવામાં આવે છે. સબબ કામ ફેસલ.

(શિલ્પા એમ.કાનાબાર)
૬ઠ્ઠા એડી.ચીફ જયુડી.મેજી.સુરત